# આવો જાદુ શીખીએ....

– સાંકળચંદ પટેલ

ચીકુ નિશાળેથી ઘેર જતો હતો. રસ્તામાં ચોક આવ્યો. તેમાં ઘણાં છોકરાં ભેગાં થયાં હતાં. ચીકુ પણ ત્યાં ગયો. એક ગારુડી જાદુના ખેલ કરતો હતો. તેણે કહ્યું : 'મારી પાસે માતાજીના આ ત્રણ દીવા છે. તે ફૂંક મારીને ઓલવી નાખવા છતાં આપમેળે સળગી ઊઠે છે. મારા પર માતાજીની કૃપા છે.'

એમ કહીને તેણે સળગતા દીવાઓ પર વારાફરતી ફૂંક મારીને દીવા હોલવી નાંખ્યા. પછી 'જય માતાજી! જય માતાજી!' એમ હાથ જોડીને બોલ્યો, એટલે દીવા આપમેળે સળગી ઊઠયા. જોનારાં બધાં નવાઈ પામી ગયાં અને દીવામાં સાક્ષાત્ માતાજીનો વાસ સમજીને હાથ જોડયા.

ચીકુને પણ નવાઈ લાગી હતી. તેણે જાદુગર ભમભમને આવો ખેલ જોયાની વાત કરી હતી.

તેના અનુસંધાનમાં ભમભમ આજે જાદુ કરવાના હતા. તેમણે કહ્યું : ''બાળકો, આજે હું 'માતાજીના દીવા'નો જાદુ બતાવું છું તે જુઓ.''

એમ કહીને જાદુગર ભમભમે એક ટેબલ પર કપડું પાથર્યું. સામે માતાજીનો ફોટો મૂક્યો. ફોટા આગળ કોડિયાના ત્રણ દીવા મૂક્યા. પછી કોડિયામાં મૂકેલી વાટો સળગાવી. દીવા સળગવા લાગ્યા.



ભમભમે કહ્યું : ‘ચીકુ, તું ફૂંક મારીને દીવા બુઝાવી નાખ. હું મારા જાદુથી દીવા આપમેળે સળગતા કરીશ.’

ચીકુએ ત્રણે દીવાઓ ઉપર ફૂંક મારીને દીવા ઓલવી નાખ્યા. તરત જ જાદુગર ભમભમે જાદુઈ લાકડી લઈને દીવાઓ ઉપર ફેરવી અને મંત્રો બોલતો હોય તેમ હોઠ ફફડાવવા લાગ્યો. ત્યાં તો દીવાઓ એક પછી એક સ્વયં સળગવા લાગ્યા. ‘જાદુ!ચમત્કાર! માતાજીનો ચમત્કાર!!’ બાળકો બધાં એકી સાથે બોલી ઊઠ્યાં.

જાદુગરે કહ્યું : ‘બાળકો આમાં માતાજીનો કોઈ ચમત્કાર નથી, પરંતુ વૈજ્ઞાનિક રહસ્ય છુપાયેલું છે. આ જાદુનો ખેલ કરતાં પહેલાં દીવામાં મૂકેલી વાટ, ગંધક અને સૂરોખારનું દ્રાવણ બનાવીને તેમાં ભીંજવવમાં આવે છે. સૌ પ્રથમ ગંધક લઈ એક વાસણમાં તેને ગરમ કરવામાં આવે છે. પછી તેમાં ગંધકથી અડધો સૂરોખાર લઈ નાંખી તેનું દ્રાવણ બનાવવામાં આવે છે. આ દ્રાવણમાં દીવાની વાટો બરાબર ભીંજવવામાં આવે છે. ‘પછી જાદુ કરવો હોય ત્યારે કોડિયાં લઈ તેમાં એક–એક વાટ મૂકવામાં આવે છે. લોકો એવું સમજે કે દીવા તેલથી સળગે છે, એ માટે કોડિયામાં તેલ રેડવામાં આવે છે. પછી દીવા સળગાવવામાં આવે છે. થોડી વાર પછી વાટ અને મોગરો બને એટલે ફૂંક મારીને દીવા બુઝાવવામાં આવે છે. ફૂંક મારવાથી દીવો બુઝાઈ જાય છે, પરંતુ વાટનો મોગરો બુઝાતો નથી, તેનો ગલ સળગતો હોય છે. થોડી વારે એ સળગતા ગલને લીધે ફરીથી સળગી ઊઠે છે.

‘ગારુડી અને કેટલાક ઠગ લોકો અને ‘માતાજીના દીવાનો ચમત્કાર’ કહીને ભોળી જનતાને છેતરે છે અને પૈસા ચડાવે છે. બાળકો, હવે તો તમે સમજી ગયાં ને કે આ પ્રયોગમાં માતાજીનો કોઈ ચમત્કાર કે જાદુવિદ્યા જેવું કંઈ નથી, પરંતુ વિજ્ઞાનનો એક સિદ્ધાંત રહેલો છે. બાળકો, તમે આ પ્રયોગ કરીને તમારી આજુબાજુના લોકોને ઠગાતાં બચાવી લેજો.’

■